# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં એસજીજીયુ/વહીવટ/૨૦૨૨/૯૨૭૬૮ તા- ૦૬/૦૮/૨૦૨૨

પરિપત્ર: ૨૧૮-૨

વિષય : આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે "હર ઘર તિરંગા" કાર્યક્રમ અંતર્ગત 'રન ફોર તિરંગા' ના આયોજન બાબત.

સંદર્ભ: ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો ઈ-મેઈલ પત્ર ક્રમાંક: જા.ક્ર.:- NSS/AKAM/૨૦૨૨/ ૧૫૮૫૯-૧૬૦૦૧ તા.૦૫/૦૮/૨૦૨૨

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ જણાવવાનું કે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો ઈ-મેઈલ પત્ર અન્વયે આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે "હર ઘર તિરંગા" કાર્યક્રમ અંતર્ગત 'રન ફોર તિરંગા' નું આયોજન દરેક જીલ્લાના મુખ્ય મથકે કરવાનું છે. જે તા.૧૦/૦૮/૨૦૨૨ થી ૧૨/૦૮/૨૦૨૨ માં કોઈ એક દિવસ પસંદ કરી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરીના પત્રમાં આપેલ ગાઈડલાઈન મુજબ આયોજન કરવાનું રહેશે. જીલ્લા પ્રમાણે નીચે મુજબની કોલેજોએ આયોજન કરવાનું રહેશે. અને જીલ્લાની અન્ય કોલેજોએ તેમાં વિદ્યાર્થીઓ સાથે સહભાગીતા કરવાની રહેશે. અને કાર્યક્રમને સફળ બનાવવા માટે જીલ્લાની તમામ કોલેજોએ સાથ અને સહકાર આપવાનો રહેશે.
જીલ્લાના મુખ્ય મથકે નીચે મુજબની કોલેજોએ આયોજન કરવાનું રહેશે.

૧. પંચમહાલ જીલ્લો - શેઠ પી.ટી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ગોધરા

૨. દાહોદ જીલ્લો - નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદ

૩.મહીસાગર જીલ્લો - શ્રી પી.એન.પંડયા આર્ટસ, એમ.પી.પંડયા સાયન્સ અને શ્રીમતી ડી.પી.પંડયા કોમર્સ કોલેજ, લુણાવાડા

૪. છોટાઉદેપુર જીલ્લો – શ્રી નટવરસિંહજી આર્ટસ, સાયન્સ અને શ્રી એસ.જી.પટેલ કોમર્સ કોલેજ, છોટાઉદેપુર

૫. વડોદરા જીલ્લો- સી.એન.પી.એફ. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ડભોઈ

આ સાથે સંદર્ભ દર્શિત પત્રમાં વધુ વિગતો ઉપલબ્ધ છે. જરૂર જણાય તો પ્રો. અશ્વિનભાઈ પટેલ (ડાયરેકટર ઓફ ફીઝીકલ એજ્યુકેશન) મો- ૯૪૨૬૪૩૧૫૭૧ તથા પ્રોગ્રામ કૉ.ઓર્ડીનેટર (એન.એસ.એસ.) નરસિંહભાઈ પટેલ મો – ૮૩૨૦૮૭૦૨૭૧ નો સંપર્ક કરવો.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા

બીડાણ:-
- સંદર્ભ દર્શિત પત્ર

નકલ રવાના :-
- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ સારૂ.

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

સત્યમેવ જયતે
Government of Gujarat

Azadi Ka Amrit Mahotsav

---

જા.ક્ર. :-NSS/AKAM/2022/15859 - 16001 **By Email** તા. 05/08/2022

પ્રતિ,

- રજીસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સીટીઓ
- પ્રોગ્રામ કો-ઓર્ડીનેટરશ્રી, એન.એસ.એસ., તમામ
- ડાયરેકટર ઓફ ફીઝીકલ એજ્યુકેશન, તમામ યુનિવર્સિટી

વિષય : આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે "હર ઘર તિરંગા" કાર્યક્રમ અંતર્ગત 'રન ફોર તિરંગા'નાં આયોજન બાબત

સંદર્ભ: શિક્ષણ વિભાગની કચેરીનો અત્રે ની કચેરીને મળેલ પત્ર ક્રમાંક-પરચ-૧૨૨૦૨૧-૧૮૮-વ.૨, તા. ૨૨/૦૭/૨૦૨૨

આપને સુવિદિત છે તેમ, આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત 'હર ઘર તિરંગા' કાર્યક્રમની રાષ્ટ્રવ્યાપી ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યના તમામ ઘરો, દુકાનો, ઉદ્યોગ, અને વેપારીગૃહો સરકારી અને ખાનગી કચેરીઓ વિગેરે રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવે અને તે થકી લોકોમાં રાષ્ટ્રપ્રેમ તેમજ દેશભક્તિની ભાવના જાગે તે આ કાર્યક્રમનો હેતુ છે.

ઉપરોક્ત કાર્યક્રમ સંદર્ભે 'રન ફોર તિરંગા' કાર્યક્રમનું આયોજન તારીખ ૧૦ થી ૧૨ ઓગષ્ટ ૨૦૨૨ દરમિયાન કરવામાં આવે તે બાબત સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે. 'રન ફોર તિરંગા'ની ઉજવણી અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓ તેમજ અન્ય તમામ નાગરિકો મહત્તમ સંખ્યામાં આ કાર્યક્રમમાં ભાગ લે તે રીતે યોગ્ય આયોજન કરવાનું રહેશે. તમામ યુનિવર્સીટીઓ દ્વારા આ કાર્યક્રમ તેના કાર્યક્ષેત્રમાં આવતા દરેક જિલ્લાના જિલ્લા મથક પર કરવાનો રહેશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન યુનિવર્સીટી કક્ષાએથી કરવા જણાવવામાં આવે છે.

'રન ફોર તિરંગા' કાર્યક્રમ માટેના જરૂરી સૂચનો:

1. યુનિવર્સીટી કક્ષાનાં ઉપરોક્ત કાર્યક્રમનાં આયોજન માટે મુખ્ય સમિતીની રચનાં કરવી તેમજ તેના નોડલ ઓફિસરની નિમણુક કરી તેની જાણ અત્રેની કચેરી ને કરવાની રહેશે.
2. મુખ્ય સમિતિનાં નોડલ ઓફિસરશ્રીએ જે-તે યુનિવર્સીટી અંતર્ગત આવતા તમામ જીલ્લા પ્રમાણે જીલ્લા કક્ષાની આયોજન સમિતિની રચના કરી તેના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ તેમજ સભ્યોની નિમણુક કરવાની રહેશે.
3. નોડલ ઓફિસરે સંપૂર્ણ કાર્યક્રમની રૂપરેખા, મિનીટ ટૂ મિનીટ કાર્યક્રમની વિગતો, ઉપસ્થિત રહેનાર મહાનુભાવોની વિગતો, ભાગ લેનાર સ્પર્ધકોની વિગતો, સ્થળ, સમય અને 'રન ફોર તિરંગા'નો રૂટ નક્કી થયે અત્રેની કચેરી એ મોકલી આપવાનો રહેશે.
4. આ કાર્યક્રમમાં જીલ્લા દીઠ અંદાજીત ૧૦,૦૦૦ જેટલા વ્યક્તિઓ ભાગ લે તે સુનિશ્ચિત કરવાનું રહેશે તેમજ તે મુજબ જ આયોજન કરવાનું રહેશે.

5. 'રન ફોર તિરંગા' દોડનું અંતર તમામ સ્તરે ૨-૩ કિ.મી. રાખવાનું નિર્ધારિત કરેલ છે.
6. આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ તેમજ અન્ય તમામ નાગરિકો ભાગ લઇ શકશે.
7. કાર્યક્રમના આમંત્રિતો માટે યોગ્ય કક્ષાએથી આમંત્રણ પાઠવવામાં આવે તે જોવાનું રહેશે. દા.ત.- માનનીય કેન્દ્રીય તેમજ રાજ્ય મંત્રીશ્રી, સંસદ સભ્યશ્રી, ધારા સભ્યશ્રી, મેયરશ્રી, જીલ્લા-પંચાયત પ્રમુખ, રમત ગમત સાથે સંકળાયેલ સંસ્થાના પ્રતિનિધિઓ, આંતર-રાષ્ટ્રીય ખેલાડીઓ, જીલ્લાના પ્રતિષ્ઠિત નાગરીકો, વહીવટી અધિકારીઓ વગેરે.
8. કાર્યક્રમમાં પાણી તેમજ રીફ્રેશમેન્ટ માટેની જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે.
9. કાર્યક્રમના સ્થળ પર પ્રાથમિક સારવાર સુવિધા, ડોક્ટર તેમજ એમ્બ્યુલન્સની સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહેશે.
10. કાયદો-વ્યવસ્થા, વીજ પુરવઠો, ફાયર-સેફટી, સ્વચ્છતા, વીઆઈપી મુવમેન્ટ સહિતની તમામ વ્યવસ્થા કરવાની રહેશે.
11. સફળ અમલીકરણ માટે જરૂરી તમામ આનુંષાગિક વ્યવસ્થા કરવાની રહેશે
12. યુનિવર્સીટીએ રજીસ્ટ્રેશન માટેની ઓનલાઈન લિંક તૈયાર કરી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. તેમજ ભાગ લેનાર દરેક વ્યક્તિને 'રન ફોર તિરંગા'ના રૂટની ઈ-મેઈલ દ્વારા જાણ કરવાની રહેશે.
13. આ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વ્યક્તિઓને 'રન ફોર તિરંગા' થીમ પર ઈ-પ્રમાણપત્ર ઈ-મેઈલ દ્વારા મોકલી આપવાનું રહેશે.
14. આયોજન સમિતિએ 'રન ફોર તિરંગા' ના આયોજન સંદર્ભે પૂર્વ-તાલીમ નિર્દેશ, વ્યવસ્થાપન, સેનિટેશન, સ્થળ અને રૂટ પસંદગી, કાર્યક્રમ સંચાલન તથા સંચાલનની તમામ કામગીરી કરવાની રહેશ.
15 કાર્યક્રમ પૂર્ણ થયે કાર્યક્રમ ની વિગતો જેવી કે સ્થળ, સમય, હાજર રહેલ મહાનુભવોની વિગતો, ભાગ લીધેલ વ્યક્તિઓ ની વિગતો વગેરે તથા સારી ગુણવાતાના ફોટોગ્રાફ્સ સાથેનો અહેવાલ **https://gujgov.edu.in/tiranga** websiteના માધ્યમથી COGENT PORTAL પર Login કરી ઉપરોકત તમામ વિગતો ભરવાની રહેશે. વધુ માહિતી ઉપરોક્ત દર્શાવેલ website પર સમયાંતરે મૂકવામાં આવશે.

કમિશનર
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા. ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના:</u>

- માનનીય શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકૂલ-૧, ગાંધીનગર
- માનનીય રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકૂલ-૨, ગાંધીનગર
- માન. અગ્રસચિવશ્રીના અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, ઉચ્ચ શિક્ષણ
- નિયામકશ્રીના અંગત મદદનીશશ્રી, ટેકનિકલ શિક્ષણ